ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૫/૨૩-૨૪/ 1622 તારીખ : 27 DEC 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ ગેંડલીયા,**
ચકકરગઢ રોડ, સરદારનગર-૧,
ગલીમાં,
અમરેલી.
જી.અમરેલી.

કેસ નં.૪૫/૨૩-૨૪

**મો.નં- ૯૬૮૭૦ ૮૬૬૭૫**

**વિષય :** ઘર વપરાશના વીજ બિલમાં મીટર જમ્પનું મોટી રકમનું બીલ મળવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૪/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૩-૨૪/૧૩૩૫ તા.૧૫/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૩-૨૪/૧૪૫૯ તા.૨૫/૧૦/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૩-૨૪/૧૫૩૨ તા.૦૨/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૧/૧૨/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

**પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી-૧, **અમરેલી.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી, અમરેલી.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૫/૨૩–૨૪** ☜

**વાદી** :– **શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ ગોંડલીયા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૧/૧૨/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ ગોંડલીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી યુ.સી.સુતરીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ ગોંડલીયા, મું.અમરેલી, તા.જી.અમરેલીની ઘર વપરાશના વીજ બિલમાં મીટર જમ્પનું મોટી રકમનું બીલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૫/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૩–૨૪/૧૩૩૫ તા.૧૫/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૮/૧૧/૨૦૨૩ તેમજ તા.૧૧/૧૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૦૮/૧૧/૨૦૨૩** વાદી શ્રી દિનેશભાઈ જીવરાજભાઈ ગોંડલીયા હાજર રહેલ તથા તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ તેમને બોલવવામાં આવેલ નહી, પ્રતિવાદી તરફે શ્રી યુ.સી.સુતરીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી બંને સુનાવણીમાં ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જય ભારત સાથ જણાવવાનું કે, અમોશ્રી દિનેશભાઈ જીવરાજભાઈ ગોંડલીયા ગ્રાહક નં– ૮૩૧૦૩/૦૫૮૨૮/૪ થી ચકકરગઢ રોડ, સરદારનગર શેરી નં–૧, ગલીમાં, અમરેલીમાં ઘરવપરાશનું વિજજોડાણ ધરાવીએ છીએ. આ મકાન છેલ્લા બે વર્ષથી બંધ રહે છે. માત્ર સાફ સફાઈ કરવા, પ્રસંગોપાત મહેમાન આવે ત્યારે માત્ર બે ત્રણ દિવસ મહિને ઉપયોગ સુવા માટે કરેલ છે. આમ છતાં, મીટર જમ્પીગ થવાથી રૂા.૨૪,૫૧૬/૪૮ નું બીલ મોકલાવેલ છે. લેબોરેટરી ટેસ્ટીગમાં એમ.આર.આઈ નીકળેલ નથી. મીટર કંપનીમાં મોકલેલ છે, તેવું ઓફીસમાંથી જણાવેલ છે. પરંતુ, અમો અમારા દાદા જીવરાજભાઈના મકાનમાં દાદા સાથે છેલ્લા બે વર્ષથી રહીએ છીએ.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

આડોશ–પાડોશ માં પુછશો તો પણ જાણવા મળશે. અમારૂં સરેરાશ બીલ ૧૦૦/– રૂા. જેટલુંજ આવતું હતું. આમ છતાં, મીટરમાં કોઈ ખામી ને લઈને બંધ મકાનમાં રૂા.૨૪,૫૧૬/૪૮ નું બીલ આવેલ છે. તો આ અંગે યોગ્ય ન્યાય આપવા વિનંતી.સહકારની અપેક્ષા સાથે વિનંતી સહ,

☛ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સહ ઉપરોકત વિષયનાં અનુસંધાને જણાવવાનું કે, પી.જી.વી.સી.એલ.અમરેલી વિભાગીય કચેરી–૧ ના અમરેલી શહેર પેટા વિભાગીય કચેરીમાં દીનેશભાઈ જીવરાજભાઈ ગોંડલીયા ગ્રાહક નં– ૮૩૧૦૩૦૫૮૨૮૪ થી ઘરવપરાશ નું કનેકશન ધરાવે છે. જેમનું માહે એપ્રિલ–મે ૨૦૨૩ નું વીજ બીલ ૨૬૪૧ યુનીટનું બનાવવામાં આવેલ છે જે અંગે ગ્રાહક દ્વારા મોટી રકમનું બીલ આપવામાં આવેલ તે બાબતની રજુઆત મળતા મીટર બદલવામાં આવેલ. જે વીજ મીટરનું લેબ પરીક્ષણ તા.૧૭.૦૭.૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ. જે લેબ રીપોર્ટમાં આપેલ વીજ બીલ મુજબના રીડીંગ મળી આવેલ હોય અને એમ.આર.આઈ લેવામાં આવતા એરર આવેલ. જેથી, વધુ તપાસ અર્થે વીજ મીટરને કંપનીમાં એમ.આર.આઈ માટે મોકલવામાં આવેલ હોય, તેના એમ.આર.આઈ રીપોર્ટ આવ્યાના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે, તેવું લેબ રીપોર્ટમાં ગ્રાહકશ્રી ને જણાવેલ હતું. જેમાં, કંપની દ્વારા તા.૧૦.૧૧.૨૦૨૩ ના મીટર એનાલીસીસ રીપોર્ટ આપવામાં આવેલ છે. જેમાં, મીટરની ડીસપ્લે ઓફ અને મીટર ફોલ્ટી મળેલ છે, તેવું દર્શાવેલ છે. જે આ સાથે સામેલ છે તેમજ તા.૦૮.૧૧.૨૦૨૩ ના રોજ ની સુચના મુજબ તા.૧૦.૧૧.૨૦૨૩ ના રોજ ચેકીંગ કરવામાં આવેલ. જેમાં મકાન બંધ અને પડતર હાલતમાં હોઈ તેમજ ગ્રાહકશ્રી અન્ય જગ્યાએ વસવાટ કરતાં હોઈ તેવું જણાવેલ છે જે ચેકીંગ શીટ આ સાથે સામેલ છે.

☛ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર દીનેશભાઈ જીવરાજભાઈ ગોંડલીયા, રે.અમરેલી દ્વારા તેમનાં ઘર વપરાશના વીજ કનેકશનમાં વધુ રકમનું બીલ આવતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની રજુઆત અંગે રૂબરૂ સુનાવણી પ્રથમ તા.૦૮.૧૧.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ. જેમાં, વાદી તેમજ પ્રતિવાદી એ રજુઆતો કરેલ, કેસ ના વિષયની વધુ જાણકારી માટે એમ.આર.આઈ રીપોર્ટ જરૂરી હોય, ફોરમ દ્વારા પ્રતિવાદીને કંપનીમાંથી એમ.આર.આઈ રીપોર્ટ મેળવી, સ્થળનું ચેકીંગ કરી અહેવાલ કરવા જણાવવામાં આવેલ.

૩.૩ આજરોજ તા.૧૧.૧૨.૨૦૨૩ ની સુનાવણીમાં વાદીને બોલાવવામાં આવેલ નથી પ્રતિવાદી એ એમ.આર.આઈ રીપોર્ટ તેમજ ચેકીંગ શીટ ફોરમ ને રજુ કરેલ છે.

૩.૪ રજુ થયેલ રેકર્ડ અને રજુઆતોને ધ્યાને લઈને ફોરમને જણાય છે કે, વાદીનો એવરેજ ૧૦૦/– રૂા. ની બીલ મળવા સામે તા.૨૧.૦૬.૨૦૨૩ નું રૂા.૨૪,૫૧૬/૪૮ ની રકમનું બીલ મળ્યું હોવાની

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

હકીકત સાચી છે. પ્રતિવાદી દ્વારા પણ મકાન લાંબા સમયથી બંધ અને પડતર હાલતમાં છે. તેમજ ગ્રાહક અન્ય જગ્યાએ વસવાટ કરતા હોવાનું સમર્થન કરેલ છે.

૩.૫ વાદીની વધુ રકમની બીલની રજુઆત ધ્યાને લઈ પ્રતિવાદી દ્વારા તા.૧૨.૦૭.૨૦૨૩ ના રોજ મીટર બદલવામાં આવેલ, જેમાં છેલ્લા રીડીંગ ૩૪૫૭ અને લેજર પ્રમાણે ૮૧૬ ને ધ્યાને લઈને ૨૬૪૧ યુનીટનું બીલ રૂા.૨૪,૫૧૬/૪૮ નું બીલ આપવામાં આવેલ છે.

૩.૬ લેબ રીપોર્ટ પ્રમાણે મીટરમાં રીડીંગ મળી આવેલ. પરંતુ,એમ.આર.આઈ લેવામાં એરર આવતા કંપનીમાં વધુ ડીટેઈલ રીપોર્ટ માટે કંપનીમાં મોકલવામાં આવેલ. કંપનીમાંથી આવેલ એમ.આર.આઈ રીપોર્ટ મુજબ મીટર ફોલ્ટી માલુમ પડેલ છે, એને ધ્યાને લેતાં તેમજ ગ્રાહકનો જુનો વપરાશ અને મીટર બદલ્યા બાદના વપરાશ ની પેટર્ન જોતાં તેમજ સ્થળ પરનો લોડ જોતાં, તા. ૨૧.૦૬.૨૦૨૩ નું ૨૬૪૧ યુનીટનું બીલ તાંત્રિક રીતે જસ્ટીફાઈ થતું નથી.

૩.૭ આ સંજોગોમાં ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, પ્રતિવાદીએ વાદીને તા.૨૧.૦૬.૨૦૨૩ નું ૨૬૪૧ યુનીટનું બીલ રદ કરીને રીવાઈઝડ બીલ એવરેજ યુનીટનું આપવું જે વાદીએ ભરવાપાત્ર છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(બી.આર. વડાવીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૧/૧૨/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.